ડીસા પાલિકામાં અવિશ્વાસની દરખાસ્ત દફતરે કરવાના મામલાને ૧૩ સભ્યોએ પડકાર્યો

ડીસા, તા. ૧

ડીસા નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ વિરૂદ્ધ ૧૩ સભ્યોએ દાખલ કરેલી અવિશ્વાસની દરખાસ્તના મુદ્દે પ્રમુખે પોતાની મુદત વિતી જવા છતાં સભા બોલાવી નથી અને જ્યારે ઉપપ્રમુખને સભા બોલાવવાની સત્તાને બે દિવસ બાકી છે ત્યારે અવિશ્વાસની દરખાસ્ત દફતરે કરી દેતા અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરનાર સભ્યોએ બુધવારે ચીફ ઓફિસરને અરજી આપી પ્રમુખ-ઉપપ્રમુખના નિર્ણય સામે રોષ વ્યક્ત કર્યો હતો.

ડીસા નગર પાલિકાના પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને ઉપપ્રમુખ નિલેષ ઠક્કર વિરૂદ્ધમાં પાલિકાના ૧૩ સદસ્યોએ તા. ૧૫-૧૨-૨૦૧૩ના રોજ અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી. આ મામલે પાલિકા પ્રમુખે નિયમ મુજબ ૧૫ દિવસમાં સભા બોલાવવાની હોય છે પરંતુ પ્રમુખ ડૉ. તેજલબેન પટેલે સભા બોલાવી નથી તેમજ ત્યાર બાદ પાલિકાના ઉપપ્રમુખને ૧૫ દિવસમાં બોલાવવાની હોય છે. જેની મુદત તા. ૩-૧-૨૦૧૪ના રોજ પૂર્ણ થવાની છે ત્યારે પ્રમુખ- ઉપપ્રમુખે કાયદાકીય વાંધો રજુ કરી અવિશ્વાસની દરખાસ્ત ફાઈલે કરી દેતા અવિશ્વાસ દાખલ કરનાર સભ્યોએ બુધવારે ફરી ચીફ ઓફિસરને અરજી આપી હતી અને આ મામલાને પડકારી તેનો ન્યાયિક નિવેડો લાવવા માટે માંગણી કરી હતી.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ભારતના રાજકારણમાં તહેલકા મચાવનાર આમ આદમી પાર્ટીના જનક અરવિંદ કેજરીવાલ પોતાની વેબસાઈટમાં જણાવે છે કે અમે દિલ્હી સિવાય કોઇ પણ રાજ્યમાં આમ આદમી પાર્ટીના કાર્યકરની અતાવાર નિમણુક કરી નથી ત્યારે ડીસામાં આજે સવારે સફેદ ટોપીમાં અજજ કેટલાક લોકોએ જાહેરમાર્ગો બાનમાં લઇ ટ્રાફીકની સમસ્યાને ખોરવી દીધી છે. આમ આદમી ના લેબલવાળી સફેદ ટોપી અને સાવરણા નો ઓઠા હેઠળ નિકળેલ પૈકીના કેટલાક વ્યક્તિઓ તો ભુતકાળમાં સરકારી નિતી નિપડ્યો ને નેવે મુકી પોતાની ઝોળી ભરવામાં અને લોકોનું લોહી સુસવામાં પાછળ વળીને જોયું નથી એક તરફ શહેરમાં સિક્ષણ, વેપારી, વહીવટ તેમજ સેવાના નામે મેવા મેળવામાં પકટદોડ ચાલી રહી છે ત્યારે આમ આદમી રૂપી સફેદીમાં કાગડાઓ માટે સફેદ બનવું દુષ્કર છે, બારેમાસ આમ આદમી ના ગળા કાપનાર અરવિંદ કેજરીવાલ ''આમઆદમીન પાર્ટીમાં હોવાના દેખાવો કરી લોકોમાં ઉજળા બનવાનો દેખાવો કરતા લોકો શહેરમાં ચર્ચાનો વિષય બન્યા હતાં. આમઆદની પાર્ટીના નામે જાહેર માર્ગ પર ટ્રાફીકને અવરોધક કામ કરવું હલ્લાબોલ મચાવવા હોય થો તેમાં આમ આદમી અને અન્ય રાજકીય સંગઠનોમાં ફેરશું? ભ્રષ્ટાચાર મુકિતના અભિયાન માં તનેજ જોટાવવાનો રુક છે કે જે સ્વયં ભ્રષ્ટાચાર થી મુકત હોય ! શું આમઆદમીના સિમ્બોલવાડી સફેદ ટોપી અને સાવરણો લઇ નિકળી પડવાથી પ્રમાણિક બની શકાતું નથી તેવું આત્મમંથન કેજરાવાલના નામે ફુટી પડનારાઓ કરવું જોઈએ.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

શહેરમાં મુસ્લિમ સમાજના બિરાદરોના ધર્મગુરુના આગમનથી લઘુમતી સમાજ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ફિદવા જિલ્લાના લિછોડા ખાતેની ધર્મગાદીના વારસદાર હમની અશરફ આજ રોજ પ્રાંતિજમાં પધારતા તેમનું ઠેર ઠેર સમાજના અગ્રણીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ધનસુરામાં આત્મીય યુવા મહોત્સવ જનજાગૃતિ માટે વિશાળ બાઈક રેલી નીકળી

ધનસુરા, તા.૧

આત્મીય યુવા મહોત્સવના માત્ર ત્રણ દિવસ બાકી છે ત્યારે પ.પૂ. હરીપ્રસાદ સ્વામીજીના ૮૦માં જન્મદિવસ અરવલ્લી જિલ્લાના ધનસુરામાં ઉજવવાનો હોય સાથે સાથે યુવા અધિવેશન અને અમૃત મહોત્સવ ઉજવવા ધનસુરા નગર થનગની રહ્યું છે ત્યારે તેના સંદર્ભમાં જનજાગૃતિ માટે આજે ધનસુરા સાથે બાયડ, મોડાસામાં વિશાળ બાઈક રેલી યોજાઈ હતી. આ રેલીમાં અસંખ્ય યુવાનો જોડાયા હતા.

હિંમતનગરમાં વકીલની ઓફિસનું તાળું તૂટ્યું

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના રેલ્વે સ્ટેશન માર્ગ પર આવેલ રામજી સમર્થ ધર્મશાળાના મેડા પર આવેલી વકીલ મહમદ હુસેન ઉર્ફે ઉમ્માનશા ફકીરની ઓફિસ પર મંગળવાર વહેલી સવારે તસ્કોરએ ત્રાટકીને ઓફિસના દરવાજાનું તાળું તોડી અંદરથી રૂા. ૩૫૦૦ની કિંમતનું એલસીડી મોનીટર અને બેંકની ચેકબુકો સહિત ઓફિસના કાગળોની ચોરી કરી લઈ ગયા અંગેની ફરિયાદ મહમંદ હુસેન ઉર્ફે ઉમ્માનશા ફકીરે હિંમતનગર ટાઉન પોલીસ મથકે મંગળવારે મોડી સાંજે નોંધાવી હતી.

પ્રાંતિજમાં પાટીદાર મંચનું કાર્યાલય ખુલ્લુ મુકાયું

પ્રાંતિજ તાલુકા મથકે પાટીદાર મંચ કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો છે. નગરપાલિકાના પ્રમુખ ગીરીશભાઈ પટેલ દ્વારા કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ પંથકના પાટીદાર સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને સામુહીક વિકાસ શિક્ષણ સહિતની બાબતો અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો જ્યારે પાટીદાર મંચના કાર્યાલયને ખુલ્લુ મુકતા પ્રમુખ ગીરીશભાઈ પટેલે પાટીદાર સમાજના વિકાસ મંચને બિરદાવી એકતા અંગે વકતવ્ય આપ્યું હતું. અંતે યુવા પ્રમુખ અજય પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઈન્ડિયન ગ્રુગલ બોય તરીકે નામના મેળવનાર કૌટિલ્ય સતીષ પંડીત આજે પાલનપુરનો મહેમાન બન્યો હતો. પાલનપુરમાં મેળો માણવા આવેલા લોકો સાથે કૌટિલ્યે લુંગી ડાન્સ કરી બાળકો સાથે મનોરંજન માણ્યું હતું અને પત્રકારોના અટપટા સવાલોના જવાબ પણ આપ્યા હતા.

શિહોરી વનવિભાગ દ્વારા વનીકરણ ઝુંબેશ અંગે બેઠક યોજાઈ

કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે આવેલ શિહોરી વનવિભાગ દ્વારા ઘનિષ્ટ વનીકરણ માટે રેસ્ટ હાઉસમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ બેઠકમાં બનાસકાંઠા વન વિભાગ પાલનપુરના મદદનીશ વન સંરક્ષક બી.એસ. ઠક્કર, રેન્જ ફોરેસ્ટ ઓફિસર એ.એન. ધાસુરા, એસ.જી. ચૌધરી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તાલુકાના પદાધિકારીઓ મફાજી સોલંકી, ઈશ્વરભાઈ પટેલ સહિતના ગામોના સરપંચો ઉપસ્થિત રહ્યા હતાં.

મુલોજ ગામે સેવાભાવી સંસ્થાઓએ અનોખી રીતે નવા વર્ષની ઉજવણી કરી

(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

જાયન્ટસ ગ્રુપ અને મારૂતિ વિકાસ મંડળ મોડાસાના સંયુકત ઉપકમે મુલોજ ગામની પ્રાથમિક શાળાના બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત સંસ્થા દ્વારા ગામની વિધવા બહેનોને ગરમ ધાબળાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર શિયાળાની કડકડતી ઠંડીમાં સ્વેટર વગર શાળાએ જતા અને ગરીબ વિદ્યાર્થીઓને સ્વેટર આપી જાયન્ટસ ગ્રુપ અને મારૂતિ વિકાસ મંડળ દ્વારા નવા વર્ષની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના પ્રારંભે શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જાયન્ટસ ગ્રુપના નિલેષભાઈ જોષી, જાયન્ટસ પ્રમુખ રાકેશ પટેલ, નવનીતભાઈ પરીખ, અખતરભાઈ ચુસ્તી, વનરાજસિંહ ખાંટ, લક્ષ્મણસિંહ ખાંટ, મોહનસિંહ પરમાર, સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

ઈડરમાં યોજાશે અનોખો યુનિક યુ ઈન્ટરનેશનલ ફેસ્ટીવલ

ધ ગુડ ઝ્રુમન બીઈંગ ફાઉન્ડેશન,ગાંધીનગર દ્વારા અનોખાં યુનિક યુ ઈન્ટરનેશનલ ફેસ્ટીવલ -૨૦૧૪ નું આયોજન ૩ થી ૫ જાન્યુઆરી દરમિયાન દરરોજ સવારે ૧૦ થી સાંજે ૭ વાગ્યા સુધી ઈડર ખાતે કરવામાં આવેલ છે. British Council - ISA - International School Award -ેગ્રામ અંતર્ગત સાતમા રોજેક્ટ તરીકે આ અનોખા ઈન્ટરનેશનલ ફેસ્ટીવલનું આયોજન થયેલ છે. આ ફેસ્ટિવલમાં વ્યવસ્થા સહયોગ શ્રી કે. બી. દેસાઈ અર્બુદા શિક્ષણસંકુલ અને યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.

આ ઈન્ટરનેશનલ ફેસ્ટીવલનો હેતુ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સૌ નાગરિકોનો અંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણ બનાવવા માટે દુનિયાના ચાર દેશો યુ.કે, જાપાન, બ્રાઝીલ અને પપુઆ ન્યુ ગીની અંગેની ઓળખ ખરા અર્થમાં માહિતી, -વૃત્તિ અને અનુભવ દ્વારા આપવી.આ સાથે ઉત્સવના માહોલમાં મનોરંજન કરવું-આંનદ-ઉલ્લાસની લ્હાણી કરવી. આયોજક સ્કૂલ તેના બાળકોને ૨૧ મી સદી માટે આવશ્યક એવા જીવન કૌશલ્યો -યોગિક રીતે શીખવવા માગે છે.

બાળકોનો બાળકો દ્વારા બાળકો માટેનો અનોખો જ્ઞાનસભર કાર્નીવલ શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના બાળકોએ છેલ્લા છ મહિનામાં આ ચાર દેશોનો જે અભ્યાસ કર્યો છે તે અન્ય બાળકો,વાલીગણ સુધી પહોચાડવાનો -યાસ અહી થવાનો છે.શાળાના બાળકોએ આ જ્ઞાનને મનોરંજનના માહોલમાં જનસમુદાય સુધી પહોચાડવા કાર્નીવલનું સ્વરૂપ આપ્યું છે.

કાર્નિવલમાં એક જ સમયે ઘણી બધી -વૃત્તિઓ બધી જ વયજૂથના માણસો માટે થતી હોય છે.અહીચાર દેશોને લગતા જ્ઞાનની સાથે ેઝન્ટેશન, વેચાણ સ્ટોલ, ેડક્ટ ડિસ્પ્લે, ફૂડ કોર્ટ, બાળકો માટેની રાઈડ્સ, બુક સ્ટોલ, એડવેન્ચર ઝોન દ્વારા બધી જ વયજૂથના માણસોને માટે આનંદ, ઉત્સાહ, મોજ માણવાની વ્યવસ્થા છે. આનંદની સાથે આ મહાઉત્સવ - કાર્નીવલમાં જીવન ઉપયોગી કૌશલ્યો પણ શીખવા મળશે.

બાળકોના જ્ઞાન,કૌશલ્યો અને અભિગમને વિકસાવવા આ સમગ્ર આયોજન બાળકો દ્વારા ખરા અર્થમાં બાળકો માટેનું આયોજન બની રહે છે. યુનિક યુઈન્ટરનેશનલ ફેસ્ટીવલ-૨૦૧૪ દુનિયાને નજીકથી નિહાળવા ત્રણ આયામો-જાણો....માણો... ને અનુભવો ઉપર કેન્દ્રિત છે.

ચાર દેશો-યુ.કે., જાપાન, બ્રાઝીલ, પપુઆ ન્યુ ગીનિના સ્થળ, લોકો, સંસ્કૃતિ, જીવન પદ્ધત્તિ, ભાષા, રીત ભાત, ઉત્સવો, પહેરવેશ, ભોજન અંગેની માહિતી, મોડેલ, ચાર્ટ, બેનર્સ અને ડીઝીટલ ેઝન્ટેશન દ્વારા અપાશે. ઓન લાઈન ક્વીઝ દ્વારા જનરલ નોલેજની મદદથી ઈનામો જીતવા મળશે. બુક ફેર -પુસ્તક મેળો જેમાં ૧૫ થી ૬૫ જેટલા ડિસ્કાઉન્ટે ખૂબ ઉપયોગી પુસ્તકો મળશે. વિવિધ દેશોનીનેડક્ટ વિશેની માહિતી પણ ઉપલબ્ધ થશે.

વિવિધ દેશોના સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી (જેવા કે નૃત્ય,રોલ-પ્લે, ડ્રામા). ફેશન શો તથા એડવેન્ચર રમતો બાળકો માટે વિવિધ રાઈડ્સ તથા વિવિધ રમતો-ગેમ્સ હશે. ફૂડ ઝોનમાં દેશી તથા વિદેશી વાનગીઓ માણવા મળશે. પપેટ, પોટરી, ભરત કામ, નકશીકામ

જેવી કલા -વૃતિઓનું નિદર્શન માણવા મળશે. વિવિધ ખરીદી માટેના સ્ટોલ્સ હશે. ડી.જે. સ્ટેજ તમારી ફરમાઈશના ગીતો સંભળાવશે. એરપોર્ટ અને વિદેશ યાત્રાનો અહેસાસ વિદ્યાર્થીઓ દ્વારા વિદેશી રીતભાતથી સ્વાગત વિદેશી વાનગીઓનો રસાસ્વાદ સર્જનાત્મક -વૃત્તિઓ ગ્રામ્ય વિસ્તાર બાળકોની શક્તિઓ અને કૌશલ્યોની ઝલક.

કન્ટ્રી કિડ્ઝ દ્વારા રાજસ્થાનની માહિતી રજૂ થશે. શાળાના િ-ાયમરી કન્ટ્રી કિડ્ઝ દ્વારા રાજસ્થાનની રીતભાત, ભોજન, નૃત્યો, વિશેષતાઓ અનોખા અંદાજમાં રજૂ થશે. તા.૩ જાન્યુઆરી, શુક્રવારના રોજ સવારે ૧૦ કલાકે પપુઆ ન્યુ ગીનિ દેશના નવી દિલ્હી ખાતેમાં માનનીય હાઈ કમિશનર હાથે થનાર છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં -થમ વાર જ થઇ રહેલા આ અનોખા ફેસ્ટિવલમાં અવશ્ય પધારશો.-વેશ નિઃશુલ્ક છે.

પ્રાંતિજમાં પાટીદાર મંચનું કાર્યાલય ખુલ્લુ મુકાયું

પ્રાંતિજ તાલુકા મથકે પાટીદાર મંચ કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો છે. નગરપાલિકાના પ્રમુખ ગીરીશભાઈ પટેલ દ્વારા કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ પંથકના પાટીદાર સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને સામુહીક વિકાસ શિક્ષણ સહિતની બાબતો અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો જ્યારે પાટીદાર મંચના કાર્યાલયને ખુલ્લુ મુકતા પ્રમુખ ગીરીશભાઈ પટેલે પાટીદાર સમાજના વિકાસ મંચને બિરદાવી એકતા અંગે વકતવ્ય આપ્યું હતું. અંતે યુવા પ્રમુખ અજય પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

પાટણ ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે

મહેસાણા, તા.૧

ઉજ્જવળ અને ગૌરવશાળી કારકિર્દી શોધતા યુવાનોને ભારતીય સૈન્યમાં વિવિધ જગ્યાઓ માટે ઉત્તર ગુજરાત યુનિ. પાટણ દ્વારા લશ્કરી ભરતી મેળો યોજાનાર છે. મહેસાણા જિલ્લાના તમામ ઉમેદવારો ૨૮ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. આ ભરતી મેળામાં સોલ્જર જનરલ ડયુટી, સોલ્જર ટેકનીકલ, સોલ્જર ક્લાર્ક, સ્ટોર કીપર, સોલ્જર ટ્રેડમેન, બાર્બર, ધોબી, મોચી, કારપેન્ટર, સ્ટુવર્ડ જેવી વિવિધ જગ્યાઓ માટે ભરતી થનાર છે.

ભારતીય સેનામાં જોડાવવા માટે ડોમીસાઈલ પ્રમાણપત્ર ફરજીયાત સાથે રાખવાનું રહેશે. ભરતી મેળામાં ભાગ લેવા ઉમેદવારોએ સવારે ૪ કલાકે હાજર રહેવાનું રહેશે. આ મેળા માટે અભ્યાસના પ્રમાણપત્રો, રહેઠાણનો દાખલો, ચારિત્ર્યનો દાખલો, ૧૬ પાસપોર્ટ સાઈઝના પોટા, ડોમીસાઈલ પ્રમાણપત્ર સાથે લાવવાના રહેશે.

ઉમેદવારોએ સ્પોર્ટ શુઝ અને હાફ પેન્ટ દોડ માટે લાવવાની સલાહ આપવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે આર્મી રીક્રુટીંગ ઓફિસ, કેમ્પ હનુમાન પાસે, હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૨૮૮૬૪૬૪ સવારે ૯ થી સાંજે ૬ સધી તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે.

અવસાન નોંધ

ધનસુરા (ભેંસાવાડા)ના કિસનભાઈ મગનભાઈ ચૌહાણનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં વિશાળ સમુદાય જોડાયો હતો.

હિંમતનગરમાં વિદેશી દારૂ સાથે બે પકડાયા

હિંમતનગર, તા. ૧

સાબરકાઠાં જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના મહાવીનગર ચાર રસ્તા પાસેથી બુધવારે સવારે બાઈક પર થેલામાં વિદેશીએ દારૂ સાથે બે ને પોલીસે પકડી પાડી તેમના વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર ટાઉન હોલ પોલીસ મથકના પી.આઈ-એ.બી. વાટલીયાને મળેલ બાતમીના આધારે ડી સ્ટાફના વિનોદ રાઠોડ, રાજુભાઈ મોડિયા અને આશીર્વાદ ખોખરીયા બુધવારે સવારે મહાવીરનગર ચાર રસ્તા પર વોચમાં હતા ત્યારે રાજસ્થાનથી ભિલોડા થઈને ખેડતસીયા માર્ગે હિંમતનગર આવી રહેલ પલ્સર નં. ૨જી જે-૯એ.આર. ૨૫૦૭પર થેલામાંતપાસ કરતા વિદેશી દારૂની બોટલ નંગ-૧૬ અને બીયર ટીન નંગ-૨૦ કિંમત રૂા. ૮ હજાર ૪૦૦ મળી આવેલ જેથી પોલીસે ૩૫ હજારના બાઈક સાથે કુલ ૪૩ હજાર ૪૦૦ના મુદ્દામાલ કબજે લઈને હિંમતનગર ટાઉન પોલીસ મથકે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વીંછીવાડા તાલુકાના તલૈયા ગામના ટેંગરવાળા ફળિયામાં રહેતા બદાજી કાવાજી ગામેતી અને ભરત બાબુભાઈ ઘાટિયા બંને વિરુદ્ધ ગુનો નોંધી જેલ હવાલે કર્યા હતા.

હિંમતનગરમાં ૩૧મી ડિસેમ્બરની રાત્રીએ નશાની હાલતમાં ૫ ને ૪ વાહનો સાથે પકડાયા

હિંમતનગર, તા. ૧

૩૧ ડિસેમ્બર-૨૦૧૩ના અંતિમ દિનને લઈને હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાની સુચનાથી મંગળવારે સાંજથી માર્ગો પર પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત સાથે વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પોલીસે નશાની હાલતમાં વાહન ચલાવતા ચાર વાહનો સાથે પાંચ અને અન્ય એકને દેશી દારૂના જથ્થા સાથે પકડી પાડ્યો હતો.

આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકના પી.આઈ. એ.બી. વાટલીયાએ જણાવેલ કે ૩૧મી ડિસેમ્બરને લઈને શહેરમાં પ્રવેશવાના અને બહાર નીકળવાના માર્ગો પર સઘન વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બે રીક્ષા, એક બાઈક અને એક વેગન આર કાર ચાર વાહનો પકડવામાં આવ્યા હતા અને નશાની હાલતમાં ભાવેશ ચંદુભાઈ જયસ્વાલ, મનોજ ત્રિકમભાઈ સિંધી, મુકેશ હરિસિંહ મકવાણા, અજય ફૂલચંદ સોની અને નંદુભાઈ નાથાભાઈ પ્રજાપતિને ૪ લીટર દેશી દારૂ સાથે પકડી પાડી તેમના વિરુદ્ધ હિંમતનગર ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસા શહેરના ગવાડી બડાપુરામાં રહેતા અને ૭૫ કિગ્રા વજનને કારણે જાણીતા તેમજ હસમુખા અને રમતિયાળ એવા ૧૧ વર્ષના કિશોર અયાન હુસેન સાહિદ હુસેન ઠેકેદારનું ટૂંકી માંદગી બાદ મોત નિપજતાં પરિવારજનોમાં ઘેરા આઘાતની લાગણી પ્રસરવા પામી છે. તેમની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન